કુલ ગુણ : 100

# ગુજરાતી

સમય : 3 કલાક

સૂચના : (1) પ્રશ્નપત્ર પાંચ વિભાગમાં વહેંચાયેલું છે. (2) પ્રશ્નમાં વિકલ્પ આંતરિક છે. (3) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે. (4) લેખન સજ્જતા, ભાષાશુદ્ધિ અને મૌલિક લખાણને ગુણ પ્રાધાન્ય રહેશે.

## વિભાગ–A પદ્ય આધારિત

❖ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે હેતુલક્ષી ઉત્તર લખો. (દરેક નો એક ગુણ) (4)

1. ગુજરાતી ભાષાના આદ્યકવિ કોણ ગણાય છે ?
2. 'ભવના અબોલા' કાવ્યનો પ્રકાર જણાવો.
3. 'જુઓ' ગઝલના રચયિતાનું નામ જણાવો.
4. 'ભાણી' કાવ્ય શામાંથી લેવામાં આવ્યું છે ?

❖ નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. (દરેકનો એક ગુણ) (4)

5. રામબાણ કોને કોને વાગ્યાં છે ?
6. ગોપી કોની વાણીને શુકનમાં લાવવાની ના પાડે છે?
7. કોનો તાગ કાઢવો મુશ્કેલ છે ?
8. ઘરમાં કોણ પહેરો ભરે છે ?

❖ નીચે આપેલા પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના બે ગુણ)

9. બીજ અને વૃક્ષનો કાર્ય-કારણનો સંબંધ સ્પષ્ટ કરો.
10. ભાદર નદીમાં કપડાં ધોતી ભાણી બીતી-બીતી ચરે દિશામાં શા માટે જૂએ છે ?

❖ નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના ચાર ગુણ) (8)

11. લક્ષ્મણ ઊર્મિલાનું બહુમાન કેવી રીતે કરે છે ?
12. 'પથ્થર થરથર ધ્રૂજે' કાવ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

અથવા

12. 'બાનો વર્તમાન' અને 'બાનો ભૂતકાળ' બા એકઠાં જીવે કવિતાના આધારે સમજાવો.

## વિભાગ–B (ગદ્યકૃતિઓ આધારિત)

નીચે આપેલા પ્રશ્નોના માંગ્યા પ્રમાણે હેતુલક્ષી જવાબ લખો. (દરેકનો એક ગુણ) (04)

13. 'સત્યાગ્રહાશ્રમ' કૃતિના લેખકનું નામ દર્શાવો.
14. 'મા'ત્માના માણસ' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.
15. 'ઈશ્વર સર્વવ્યાપી' પાઠ શામાંથી લેવામાં આવ્યો છે ?
16. 'શરત' નવલિકાના અનુવાદક કોણ છે ?

❖ નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (04)

17. શ્રી પ્રભાશંકર ગોળમેજી પરિષદ વિષે શું સમજતા હતા ?
18. મિલન અને વિયોગનું કોણ બન્યું ?
19. પોતાને ઘેર આવ્યા પછી દેવાને ક્યાં કામ કરવું હતું? શા માટે ?
20. સયાજીરાવ ગાયકવાડે બંગલે આવીને રાણીને શું કહ્યું?

❖ નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ટૂંકમાં જવાબ લખો. (દરેકના બે ગુણ) (4)

21. લેખિકાને હરધન મેદાનમાંથી વહી જતી શેષ નદી કેવી લાગતી હતી ?
22. બિરંજ બનાવવાની પ્રક્રિયા અંગેની ચર્ચાનું વાર્તામાં શું મૂલ્ય છે ?

❖ નીચેના આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના ચાર ગુણ) (8)

23. 'ખીજડિયે ટેકરે' પાઠના શીર્ષકની યથાર્થતા ચર્ચો.
24. 'યુધિષ્ઠિર યુદ્ધ વિષાદ' નાટકના અંતની ચર્ચા કરો.

અથવા

24. સેલ્વી પંકજમ્‌નું ચરિત્રચિત્રણ કરો.

## વિભાગ–C (પાઠ્યપુસ્તક પર આધારિત વ્યાકરણ)

❖ નીચે આપેલા શબ્દોને સમાનાર્થી રૂપે સામસામે જોડીને લખો. (કોઈપણ ચાર) (દરેકનો અડધો ગુણ) (2)

| | | |
|---|---|---|
| 25. વહ્નિ | ખેદ | આચ્છાદન |
| 26. આવરણ | દેહ | અગ્નિ |
| 27. રંજ | હેતુ | ખોળિયું |
| 28. કલેવર | અનલ | ઈરાદો |
| 29. આશય | ઢાંકણ | દિલગીરી |

❖ નીચેના વાક્યમાં રેખાંકિત સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ ન બદલાય તે રીતે ફરીથી લખો. (કોઈપણ ચાર) (દરેકનો અડધો ગુણ) (2)

30. મને શરત <u>મંજૂર</u> છે.
31. તે હિંદ માટે <u>અનુકૂળ</u> વાતાવરણ ઘડશે.



Visit https://visionpapers.in For More Papers!!!

32. આમાં <u>સાચી</u> રાષ્ટ્રભક્તિ હતી.

33. છોકરો હવે <u>મોટો</u> થયો હશે.

34. આ વિભાગ <u>નૈસર્ગિક</u> અને અફર છે.

❖ **નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર) (દરેકનો અડધો ગુણ)** **(2)**

35. નાણાની આપ લે માટેની ચિઠ્ઠી.

36. આશ્રય લેવાનું ઠેકાણું

37. સુંદર સુકોમળ સપ્રમાણ દેહ.

38. આત્માનું જ્ઞાન હોય તે.

39. કચરો પૂંજો નાખવાની જગ્યા.

❖ **નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો.** **(1)**

40. પુગ્યો

41. ટાણે

❖ **નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (દરેક અડધો ગુણ)** **(1)**

42. સ્વેચ્છીક

43. પ્રતિનીધી અથવા

44. સુરયોદય

❖ **નીચે આપેલા પ્રશ્નોના કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે જવાબ લખો. (કોઈપણ છ) (દરેકનો અડધો ગુણ)** **(3)**

44. મૃત્યુવિષયક કાવ્યોમાં તો એ વિરલ છે. (વાક્યમાંથી વિશેષણ શોધો.)

45. હું ...... જાનવર જેવો છું. (પાઠમાં આવતા વાક્યના આધારે વિશેષણ લખો.)

46. મારા જીવતાં તો કેમ હા પાડું ? (વાક્યમાંથી નિપાત શોધો)

47. બાકી સંચામાં તડ પહેલેથી ........ હતી. (પાઠમાં આવતા વાક્યના આધારે યોગ્ય નિપાત લખો.)

48. બા દોડતી દોડતી બહાર આવી. (વાક્યમાંથી કૃદંત શોધો.)

49. બીજું દૃષ્ટાંત આપીને એને સમજાવ્યું હતું. (વાક્યમાં આપેલ કૃદંતનો પ્રકાર જણાવો.)

50. મંજૂરીનો હુકમ ............ આજ્ઞા કરી. (પાઠમાં આવતા વાક્યના આધારે કૃદંત લખો.)

❖ **નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યપ્રયોગ કરો. (દરેકનો એક ગુણ)** **(2)**

51. સોપો પડી જવો

52. લાંઠી કરવો

**<u>અથવા</u>**

52. જાગ્યા ત્યાંથી સવાર

❖ **નીચેના વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે જવાબ આપો. (દરેકનો એક ગુણ)** **(3)**

53. યુદ્ધ માટે તો હુંજ કૂંદ કૂદા કરતી હતી. (લેખનશુદ્ધિ સુધારો)

54. નદીને કિનારેને કાંટે અસંખ્ય ફૂલ ખીલી ઊઠ્યા હતા. (વાક્યમાં ભાષા શુદ્ધ કરો.)

55. એ ગુરૂને ઘેર વિદ્યા દૂર ભણવા ગયો હશે. (વાક્યનો પદક્રમ ગોઠવો)

**<u>અથવા</u>**

55. તમે અસત્યમાં સત્ય પાની લીધું છે. (વાક્યમાં પ્રત્યય સુધારો.)

❖ **નીચે આપેલા સંયુક્ત-સંકુલ વાક્યોને સાદાં વાક્યોમાં ફેરવીને લખો. (કોઈપણ બે દરેકનો એક ગુણ)** **(2)**

56. તમે વીસ લાખનું જોખમ ઉઠાવો છો તો હું મારી સ્વતંત્રતાનું જોખમ ઉઠાવું છું.

57. હું માનું છું કે મારા જેવા બીજા ઘણા છે.

58. પાણીનો ખ્યાલો લઈને એ પાછી આવે ત્યારે મારી આંખો ને નાક બેઉએ એક તૃપ્તિ અનુભવી.

❖ **નીચે આપેલા સાદા વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવીને લખો.** **(2)**

59. ગાડી આવી. તે ભગવાનજીભાઈ સાથે ગાડીમાં બેઠો. એક રોમાંચ અનુભવેલો.

60. કોઈ બોલ્યું નહીં. એણે ફરી જોર જોરથી (સાંકળ) ખખડાવી.

61. હું તો તમને પહેલેથી જ કેતી હતી. દાટવા જવાની ઉતાવળ કરો ના.

## વિભાગ-D (અર્થગ્રહણ)

❖ **નીચેનું પાઠ્યેતર પદ્યના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખો. (દરેકનો એક ગુણ)** **(5)**

કદાચ હું કાલે નહીં હોઉં
કાલે જો સૂરજ ઊગે તો કોજો કે -
મારી બિડાયેલી આંખમાં
એક આંસુ સૂકવવું બાકી છે.
કાલે જો પવન વાય તો કોજો કે
કિશોર વયમાં એક કન્યાના
ચોરી લીધેલા સ્મિતનું પકવ ફળ
હજી મારી ડાળ પરી ખેરવવું બાકી છે.



Visit https://visionpapers.in For More Paper

કાલે જો સાગર છલકે તો હેજો કે
મારા હૃદયમાં ખડક થઈ ગયેલા
કાળમીઢું ઈશ્વરના ચૂરચૂરા કરવા બાકી છે.
કાલે જો ચન્દ્ર ઊગે તો કહેજો કે
એને આંકડે ભેરવાઈને બહાર ભાગી છૂટવા
એક મત્સ હજી મારમાં તરફડે છે.
કાલે જો અગ્નિ પ્રગટે તો કહેજો કે
મારી વિરહી પડછાયાની ચિતા
હજી પ્રગટાવવી બાકી છે.
કદાચ હું કાલે નહીં હોઉં.

**- સુરેશ જોશી**

**પ્રશ્નો:**

62. કવિ બિડાયેલી આંખમાં આવેલાં આંસુને સૂકાવવાનું કોને કહે છે ?
63. કવિએ કિશોરવયમાં શું ચોરી લીધું છે ?
64. મત્સ ક્યાં ભરાઈ ગયો છે ? તે શું કરવા મથે છે?
65. કવિ વિરહનો અંત લાવવા કોને કહેવાતું સૂચવે છે?
66. કાવ્યને યોગ્ય શીર્ષક આપો. ?

❖ **નીચે આપેલા ગદ્યખંડને આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યોમાં લખો. (5)**

ભારતની ખરી દુર્બળતા તેની ગરીબાઈમાં નથી. ગરીબાઈને તો આપણે જીરવી શકીશું, પણ ભારતની સૌથી કમજોર કડી છે ધર્મઝનૂન ઘાત-પ્રતિઘાતના રૂપમાં તેનો પડઘો વધતું જઈ રહ્યો છે, કારણ કે ધર્મઝનૂનનો મોટો ઢગલો તો અંતે પૂરા વળતર સાથે મતપેટીઓ છલકાવી દેવની પ્રચંડ શક્તિ ધરાવતો થયો છે. આપણે એવી પરિસ્થિતી ઉચ્ચ અને મહાન આદર્શો સાથે ચૂંટણી લડી શકીએ તેમ નથી. જે યુદ્ધમાં બધું જ કર્તવ્ય બની જાય છે તેમ ચૂંટણીમાં બધું જ આચરી શકાતું હોય છે. ચૂંટણીનો દોર મોટો ભાગે એવા લોકોના હાથમાં ચાલો જતો હોય છે, જે ચોખ્ખા હાથના ના કહેવાય. ધર્મઝનૂન, કોમવાદ, ભ્રષ્ટાચાર, નોકરવાદ અને અસ્માજિકતા વગેરે મળીને નિશ્ચિત પરિણામ લાવતા હોય છે. અનિષ્ટોનો પ્રભાવ તથા શક્તિ એટલાં વધી ગયા છે કે ઈષ્ટ તત્ત્વો બિચારા બની ગયા છે.

**- સ્વામી સચ્ચિદાનંદજી**

**પ્રશ્નો**

67. ભારતની સૌથી કમજોર કડી કઈ છે ?
68. ચૂંટણીના દોર કેવા લોકોના હાથમાં હોય છે ?
69. આપણે કેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે ?
70. ઈષ્ટ તત્ત્વો બિચારા કેમ બની ગયા છે ?
71. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

❖ **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. (05)**

72. "કોઈ માને કે ન માને પરંતુ મોટા ભાગની વ્યક્તિઓ મૌલિક વિચારો ધરાવતી હોય છે. જેવી રીતે માનવીનો ચહેરો મૌલિક હોય છે, તેવી રીતે તેના વિચારો પણ મૌલિક હોય છે. માનવીમાં એવી છૂપી શક્તિ પડી છે કે તેનો થોડો ઘણો ઉપયોગ કરવામાં આવે તો પણ તે મોટાં કામો કરી શકે છે, પણ માનવીમાં પડેલા પૂર્વગ્રહો અને ખોટા સંસ્કારો તેની શક્તિને દાબી રાખે છે. આવા માણસો વિચાર કરે છે પણ અમલ કરતાં નથી. અમલ કરે તો કાં તો ઉતાવળ કરે છે અથવા ઢીલ કરે છે. આવા માણસો કાયમ અધકચરા વિચાર કરે છે. અસ્પષ્ટ રહે છે અને લઘુતાગ્રંથિથી પીડાય છે. આવી આડખીલીઓ સમજપૂર્વક દૂર કરવામાં આવે તો તેના વિચારો તેના માટે મહામૂલી મૂડી બની જાય." .

**- મોહમ્મદ માંકડ**

❖ **નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો. (05)**

73. તે પછી ડોશી ખાસ્સાં બે વર્ષ જીવ્યાં અને દીકરાના દીકરાને પરિણીત જોઈ શક્યાં. ડોશીએ ક્ષીણ અવાજે વૈદ્યને પાસે બોલાવી ધીમે ધીમે તેના કાનમાં કહ્યું, 'બેટા, જો તારી બે વરસની આવરદા ઉછીની આપે તો ચોથી પેઢીને પરણેલી જોઈ મરું. બેટા, તારે આગળ પાછળ ઉલાળધરાળ જેવું કાંઈ નથી. વૈદ્ય બેટા, મારા મોટા છોકરાના વચલા દીકરાનો નાનો છોકરો દોઢેક વર્ષમાં પરણવા જેવડો થશે.' વૈદ્યરાજ તો સ્તબ્ધ થઈ ગયા અને અકસ્માત કહો તો અકસ્માત અને ચમત્કાર કહો તો ચમત્કાર પણ તે જ રાતમાં હૃદય બંધ પડવાતી વૈદ્યરાજ વિદેહ થયાં.

**વિભાગ–E (લેખન સજ્જતા)**

74. તમે મોકલેલ મનીઓર્ડર એક મહિના જેટલો સમય પસાર થઈ ગયો હોવા છતાં હજી સુધી પાર્ટીને પહોંચ્યો નથી, તો આ અંગે તપાસ કરવા પોસ્ટમાસ્તરને અરજી લખો. **05**


Visit https://visionpapers.in For More Papers!!!

❖ નીચેના પાઠ્યેત્તર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો. 05

75. લીમડો સ્વાદમા કડવો ક્યાં નથી હોતો ? છતાં એ કડવા લીમડાના વૃક્ષ નીચે માણસ બેસે છે. ઉનાળામાં લીમડાની છાયામાં અદ્ભુત શીતળતાનો અનુભવ ક્યાં નથી થતો ? કેટલાક મૂર્ખાઓ કુહાડીથી તેને કાપી નાખે છે તે શું યોગ્ય છે ? માંદા બાળકને કડવું ઔષધ કોણ પાય છે ? મા સિવાય બીજું કોઈ પાય ? મા તે મા,બીજા બધા વનવગડાના વા. મા કડવી દવા પાય તેથી તેને મારી ન નંખાય. મા-બાપ ઘણીવાર બાળકોને ઠપકો આપે છે પણ એની પાછળ એમનો ઉદ્દેશ કેવો શુભ હોય છે ! પારકા તો તીરે ઊભા તમાશો જ જુએ. જે અંતરનું સગું હોય તેનું જ પેટ બળે છે. 'બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય.'

અથવા

❖ નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરી એંશી શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો.

75. લીમડો સ્વાદમાં કડવો ક્યાં નથી હોતો ? છતાં એ કડવા લીમડાના વૃક્ષ નીચે માણસ બેસે છે. ઉનાળામાં લીમડાની છાયામાં અદ્ભુત શીતળતાનો અનુભવ ક્યાં નથી થતો? કેટલાક મૂર્ખાઓ કુહાડીથી તેને કાપી નાખે ચે તે શું યોગ્ય છે ? માંદા બાળકને કડવું ઔષધ કોણ પાય છે ? મા સિવાય બીજું કોણ પાયં ? મા તે મા, બીજા બધા વનવગડાના વા. મા કડવી દવાપાય તેથી તેને મારી ન નંખાય. મા-બાપ ઘણીવાર બાળકોને ઠપકો આપે છે. પણ એની પાછળ એમનો ઉદ્દેશ કેવો શુભ હોય છે ! પારકા તો તીરે ઊભા તમાશો જ જુએ. જે અંતરનું સગુ હોય તેનું જ પેટ બલે છે. 'બાંધવ હોય અબોલડા તોય પોતાનીય બાંય.'

❖ નીચેના આપેલ શબ્દ યાદીનો ઉપયોગ કરી એંશી શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો. 10

75. પ્રાર્થના - હૃદયનું સ્નાન - હૃદયનો ખોરાક - વાતાવરણ - ભગવાનનું સાન્નિધ્ય - આત્મીયતા આત્મપરાયણતા - નવું ચૈતન્ય - મહાન - મૂડી - ધીરજ - નવી આશા.

❖ નીચેનામાંથી કોઈ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. 10

76. (1) ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર : પ્રસ્તાવના - શિષ્ટાચાર કોને કહેવાય - ભ્રષ્ટાચાર કોને કહેવાય - ભ્રષ્ટાચારનાં કારણો દૂર કરવાના ઉપાયો - સમાજજીવન પર અસરો - સમાપન.

અથવા

(2) પર્યાવરણ સુરક્ષા : આજનો પ્રાણપ્રશ્ન : પ્રસ્તાવના - પર્યાવરણમાં વિકૃતિ માનવસર્જિત - પર્યાવરણને વિકૃત કરનારા પરિબળો - માનવીએ કુદરત સાથે કરેલાં ચેડાં - ઉપસંહાર.

અથવા

(3) નારી તું નારાયણી

પ્રસ્તાવના - અમર નારીપાત્રો - સ્ત્રીઓમાં રહેલા કેટલાક સાહજિક ગુણો - 'નારી નરકની ખાણ' એક માન્યતા - સ્ત્રી સુધારણા અંગે ગાંધીજી - પશ્ચિમની અસર ઉપસંહાર.

★ ★ ★


Visit https://visionpapers.in For More Papers!!!

## PAPER-2 March-2018

1. નરસિંહ મહેતા
2. લોકગીત
3. શ્યામસાધુ
4. 'ગોરસી'
5. રામબાણ ધ્રુવ અને પ્રહ્લાદને વાગ્યા છે.
6. ગોપી કાગ (કાગડા) ને વાણીને શકુનમાં લાવવાની ના પાડે છે.
7. સમુદ્રના પાણીનો તાગ કાઢવો મુશ્કેલ છે.
8. ઘરમાં સૂનકાર અને સન્નાટો પહેરો ભરે છે.
13. વિનોબા ભાવે
14. નવલિકા
15. 'હિન્દુ ધર્મની બાળપોથી' માંથી લેવામાં આવ્યો છે.
16. ડૉ. રમેશ ઓઝાએ 'શરત' નવલિકાના અનુવાદક કરેલ છે.
17. ગોળમેજી પરિષદ નિષ્ફળ જવાની છે પણ ભારતને થોડાં વર્ષોમાં સ્વતંત્રતા મળવાની છે.
18. મિલન અને વિયોગનું સાક્ષી અગ્નિ બનેલો છે.
19. દેવાને પોતાના વતન મેરુપરમાં કામ કરવું હતું. કારણ કે તે ઘરની સાથે સંબંધ જોડવા ઈચ્છતો હતો.
25. વહ્નિ - અનલ - અગ્નિ
26. આવરણ - ઢાંકણ - આચ્છાદન
27. રંજ - ખેદ - દિલગીરી
28. કલેવર - દેહ - ખોળિયું
29. આશય - હેતુ - ઈરાદો
30. મને શરત નામંજૂર નથી.
31. તે હિંદ માટે પ્રતિકૂળ વાતાવરણ નહિ ઘડે.
32. એમાં સહેજ પણ રાષ્ટ્રદ્રોહ ન હતો.
33. છોકરો હવે નાનો નહીં હોય !
34. આ વિભાગ કૃત્રિમ અને અફર નથી.
35. હૂંડી
36. આશ્રયસ્થાન
37. દેહયષ્ટિ
38. આત્મજ્ઞાની
39. ઉકરડો
40. પહોંચ્યો
41. સમયે
42. સ્વૈચ્છિક
43. પ્રતિનિધિ **અથવા**
43. સૂર્યોદય
44. મૃત્યુવિષયક
45. જંગલી
46. તો
47. જ
48. દોડતી દોડતી



Visit https://visionpapers.in For More Papers!!!

49. આપીને, સંબંધક ભૂતકૃદંત

50. લખવા

51. શાંતિ છવાઈ જવી

52. મજા કરવી

અથવા

52. નવેસરથી પ્રારંભ

53. યુદ્ધ માટે તો હું જ કૂંદકૂદા કરતી હતી.

54. નદીને કાંઠે અસંખ્ય ફૂલ ખીલી ઊઠ્યાં હતાં.

55. એ દૂર દેવ ગુરૂને દોર વિદ્યા જાણવા ગયો.

અથવા

55. તમે અસત્યને સત્ય માની લીધું છે.

56 (1) તમે વીસ લાખનું જોખમ ઉઠાવો છો.

(2) હું મારી સ્વતંત્રતાનું જોખમ ઉઠાવો છું.

57 (1) હું માનું છું.

(2) મારા જેવા બીજા ઘણાય છે.

58 (1) પાણીનો પ્યાલો લઈને એ પાછી આવી.

(2) મારી આંખોએ એક તૃપ્તિ અનુભવી.

(3) મારા નાકે પણ એક તૃપ્તિ અનુભવી.

59. ગાડી આવીને તે ભગવાનજીભાઈ સાથે ગાડીમાં બેઠો ત્યારે એક રોમાંચ અનુભવેલો.

60. કોઈ બોલ્યું નહીં એટલ ફરી જરા જોરથી સાંકળ ખખડાવી.

61. હું તો તમને પહેલેથી જ કેતી'તી કુ દાટવા જવાની ઉતાવળ ના કરો.

62. કવિ બિડાયેલે આંખમાં આવેલા આંસુને સૂકાવવાનું સૂર્યને કહે છે.

63. કવિએ કિશોરવયમાં મનગમતી કન્યાનું સ્મિત ચોરી લીધું છે.

64. મત્સ બીજન ચંદ્રના આંકડામાં ભરાઈ ગયો છે. તે તેમાંથી છૂટવા મથે છે.

65. કવિ વિરહને અંત લાવવા અગ્નિને પોતાની ગેરહાજરીમાં કહેવાનું સૂજવે છે.

66. શીર્ષક : કવિનું વસિયતનામું

67. ભારતની સૌથી કમજોર કડી ધર્મઝનૂન છે.

68. એવા લોકોના હાથમાં ચે કે જેઓ ચોખ્ખા યાને કે પ્રમાણિકતા નથી.

69. પૂરી ધર્મનિરપેક્ષતા, કોમ નિરપેક્ષતા કે નોકરી નિરપેક્ષતાથી અર્થાત્ મહાન આદર્શો સાથે આપણી ચૂંટણી લડી શકીએ તેમ નથી.

70. અનિષ્ટોનો પ્રભાવ અને શક્તિ એટલાં વધી ગયાં છે કે ઈષ્ટ તત્ત્વો બિચારાં બની ગયા છે.

71. શીર્ષક : (1) ચૂંટણીનું નિર્ણાય પરિબળ : 'ધર્મઝનૂન'

(2) ભારતની દુર્બળતા

Visit https://visionpapers.in For More Papers!!!